# ભારતીય વન સેવા (ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ)

ભારતીય વન સેવાના અધિકારીઓ રાષ્ટ્રીય વન નીતિના અમલીકરણ માટે જવાબદાર છે, જે વૈજ્ઞાનિક વ્યવસ્થાપન અને જંગલોના ઉપયોગની પરિકલ્પના કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વનસંવર્ધન અને વન્યજીવનમાં રૂચિ ધરાવો છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. પશુપાલન અને વેટરનરી સાયન્સ / બોટની / રસાયણશાસ્ત્ર / ભૂસ્તરશાસ્ત્ર / ગણિત / આંકડાશાસ્ત્ર / ભૌતિકશાસ્ત્ર / પ્રાણીશાસ્ત્ર / કૃષિ / વનશાસ્ત્ર / એન્જિનિયરીંગમાં સ્નાતકનો અભ્યાસ કરો અથવા

કોઈ પણ વિષય સાથે સ્નાતક પૂર્ણ કરી સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા લેવામાં આવતી ભારતીય વન સેવાની પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

એક જાહેસ સેવકનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦** થી **૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત:https://doe.gov.in/sites/default/files/7cpc_report_eng.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** રાજ્યના વન વિભાગમાં

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે ઓફિસમાં તેમજ બહાર ફિલ્ડમાં એમ બંને જગ્યાએ કામ કરવાની જરૂર પડશે. તમારે અધિકારીઓની ટીમને સંભાળવાની રહે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

હવાલદારમુખ્ય હવાલદાર → મદદ

નાયબ વન સંરક્ષક → વન સંરક્ષક →
મુખ્ય વન સંરક્ષક → અધિક મુખ્ય વન સંરક્ષક
→ પ્રિન્સિપલ મુખ્ય વન સંરક્ષક

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**પરવીન કાસ્વાં** ૨૦૧૬ બેચના ભારતીય વન સેવા અધિકારી છે. તેણી રાજસ્થાનના મિર્ઝાવલીમેર ગામના રહેવાસી છે. તેણીએ ૨૦૦૮માં, એમિટી યુનિવર્સિટીમાંથી એરોસ્પેસ, એરોનોટિકલ અને એરોનોટિકલ/સ્પેસ એન્જિનિયરીંગમાં બી.ટેક.ની ડિગ્રી મેળવી. તેમણે દેહરાદૂન સ્થિત ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાંથી ફોરેસ્ટ્રીમાં અનુસ્નાતકની પદવી હાંસલ કરી છે.*

સ્રોત:http://bit.ly/3HagCQe

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડિયન સિવિલ સર્વિસ એક્ઝામ, યુ.પી.એસ.સી.,
ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસ